ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

## અખબારયાદી

Date : 06th March, 2019

પ્રતિ,

તંત્રી શ્રી,

.................................................................................,

ભાવનગર.

**કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જીલ્લા કક્ષા ઊર્જા ઉત્સવ-૨૦૧૯ યોજાયો**

ગુજરાત સરકારના કલાઇમેટ ચેન્જ વિભાગ દ્વારા ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગરના સહયોગથી બાલ ઊર્જા રક્ષક દળ કાર્યક્રમ ૨૦૧૮- ૧૯ દ્વારા વિદ્યાર્થીઓ ઊર્જાસ્ત્રોતો વિશેની માહિતી તથા તેનો બેફામ વપરાશ તથા નજીકના ભવિષ્યમાં થનાર ઊર્જા કટોકટી અને તેના દ્વારા ઉત્પન્ન થતા પ્રદુષણ વિશે વિદ્યાર્થીકાળથી જ જાગૃતિ કેળવે એવા હેતુથી Awareness Generation Programmes on Sustainable Energy વિષય આધારિત વિવિધ કાર્યક્રમોનું આયોજન ભાવનગર જીલ્લાની ઉચ્ચતર પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કરવામાં આવેલ. શાળા કક્ષાએ ઊર્જા વિશે વ્યાખ્યાન તથા અન્ય વિવિધ કાર્યક્રમો યોજી ભાવનગરના જીલ્લા કક્ષાના ઊર્જા ઉત્સવ માટે (૫) પાંચ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવેલ. આ પસંદગી પામેલ વિદ્યાર્થીઓ તા: ૩ માર્ચ, ૨૦૧૯ને રવિવારના રોજ શ્રી એમ. જે. કોલેજ ઓફ કોમર્સ, વિદ્યાનગર, ભાવનગર ખાતે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા આયોજિત જીલ્લા કક્ષાના ઊર્જા ઉત્સવ-૨૦૧૯માં પોતાની શાળાનું પ્રતિનિધિત્વ કરેલ.

ઊર્જા ઉત્સવ – ૨૦૧૯માં ઊર્જા અને સજીવસૃષ્ટિ, બિન પ્રણાલીગત ઊર્જા સ્ત્રોતો, ઊર્જા અને તેનું મહત્વ વિષય આધારિત ઊર્જા ક્વીઝ, ચિત્ર સ્પર્ધા અને સ્લોગન સ્પર્ધા, શીઘ્ર વકૃત્વ સ્પર્ધા,ચાર્ટ અને મોડેલ પ્રદર્શન સ્પર્ધા તથા ઊર્જા ફેન્સી ડ્રેસ સ્પર્ધા અને ઊર્જા સંરક્ષણ રેલી વગેરેમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. આ વર્ષે ઊર્જા ફેન્સી ડ્રેસ જેવી સ્પર્ધામાં અવનવા વિચારો સાથે વિદ્યાર્થીઓએ ખુબજ ઉત્સાહપૂર્વક ભાગ લઇ ઊર્જા બચત અને ઊર્જા સંરક્ષણ પ્રત્યે લોક જાગૃતી માટે પ્રયત્નો કર્યા હતા.

આ ઊર્જા ઉત્સવ-૨૦૧૯ના ઉદ્ઘાટન સમારોહમાં ડૉ. ગીરીશ વાઘાણી (V.C., MKBU), શ્રી હિરેનભાઈ ભટ્ટ (આચાર્ય, DIET ભવન,સીદસર), ડૉ. અશોક પટેલ (પ્રખ્યાત ચિત્રકાર), ડૉ. હિતેશ શાહ (Asso. Pro. સાયન્સ કોલેજ), શ્રી પરેશભાઈ ત્રિવેદી (પ્રમુખ, કલ્યાણ ફાઉન્ડેશન) અને ડૉ. ભાવેશ ભરાડ (ચેરમેન, KRCSC) વગેરે મહેમાનો ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલ. તમામ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવેલ. શિક્ષકો અને વિદ્યાર્થીઓ સહીત ૩૦૯ લોકોએ આ ઊર્જા ઉત્સવમાં હાજર રહેલ.

(હર્ષદ જોષી), 6-3-19
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.

D:\2018-19\All Letter and Press Note 2018-19 \Press of KRCSC FL 2018-19